**વડીલોને વંદન**

**અભિનંદન**



સરલાબેન ભાસ્કરભાઈ રાણા
(૧૯૩૯)ફોન:૨૩૨૨૩૫૨૩



ગણેશભાઈ ચતુરભાઈ પટેલ
(૧૯૪૦) ફોન: ૨૩૨૧૦૬૦૧

### નાણાંકીય નીતિ સમીક્ષા પર તમામની નજર કેન્દ્રિત

# નાણાંકીય નીતિ સમીક્ષામાં આજે રેટ યથાવત રહી શકે

## ફુગાવાને લઈને આરબીઆઈ ચિંતાતૂર : સીઆરઆરમાં નજીવો ઘટાડો કરવામાં આવે તેવો બેંકરોનો અભિપ્રાય

મુંબઈ, તા.૧૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી છે તે આરબીઆઈની નાણાંકીય નીતિની તેની મધ્ય ત્રિમાસિક સમીક્ષા આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે પરંતુ વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતા ખૂબ ઓછી દેખાઈ રહી છે જેથી શેરબજાર સાથે સંકળાયેલા લોકો અને ઓટો ઉદ્યોગને ઙલમાં નિરાશાનો સામનો કરવો પડશે. કારણ કે વ્યાજદર ઊંચા હોવાથી લોન ઊંચી છે જેથી લોકોને ખરીદીમાં અડચણો નડી રહી છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે વ્યાજદરમાં કાપ મૂકવા અંગે આરબીઆઈ કોઈ નિર્ણય કરશે નહીં. રેટને યથાવત્ રાખવામાં આવશે. જો કે જાન્યૂઆરીમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી શકે છે. આવતીકાલે નાણાંકીય નીતિની સમીક્ષા જારી કરવામાં આવ્યા બાદ ૨૯મી જાન્યુઆરીના દિવસે તેની પોલીસીની ત્રીજી ત્રિમાસિક સમીક્ષા જારી કરવામાં આવશે જેમાં વ્યાજદરમાં ઘટાડો કરવા અંગે નિર્ણય લેવામાં આવી શકે છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે સિસ્ટમમાં લિક્વીડિટી ઠાલવવાના હેતુસર રિઝર્વ બેંક સીઆરઆરમાં ૨૫ બેજિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. આ ઉપરાંત અન્ય વિકાસની પ્રવૃત્તિને આગળ વધારવા માટે પણ કેટલા નવા પગલા જાહેર કરી શકે છે. સીઆરઆર હાલમાં ૪.૨૫ ટકાની આસપાસ છે.

રિઝર્વ બેન્ક સીઆરઆરમાં કાપ મૂકીને આગામી વર્ષની શરૂઆતમાં રેટમાં કાપ મૂકવાનો સંકેત આપી શકે છે. આરબીઆઈએ આ મહિનામાં જ કેટલાક નવા પગલાં લીધા છે. રેપો રેટને આઠ ટકાના દરે યથાવત્ રાખવામાં આવશે. વર્તમાન નાણાંકીય વર્ષમાં માત્ર એક જ વખત એપ્રિલ મહિનામાં ૫૦ બેજિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. રેપોરેટમાં કોઈપણ કાપની શક્યતા ઓછી દેખાઈ રહી છે. પરંતુ ફુગાવાના દરને કાબૂમાં લેવા માટે ચોક્કસપણે પગલાં લેવામાં આવી શકે છે. અર્થશાસ્ત્રીઓ એમ પણ માને છે કે આર્થિક સુધારાની પ્રક્રિયામાં સરકારને મદદરૂપ થવા માટે કેટલાક નવા પગલાં લઈ શકે છે.



### બાયડમાં ડ્રગ ઈન્સપેકટરના નામે તોડ કરતો ગઠીયા ઝડપાયો

બાયડ શહેર માં થી આજે ડ્રગ ઈન્સપેકટર બની દવાની દુકાનો માં થી તોડ કરવા જતા એક ગઠીયો આજે આબાદ રીતે મેડીકલ સ્ટોર્સ ના માલીક ની સાવેતી ને લીધે આબાદ રીતે ઝડપાઈ ગયો હતો. બાયડ બસ સ્ટેશન ની બાજુ માં આવેલ ગરીરાજ મેડીકલ સ્ટોર્સ માં સાંજે પાુચ વાગ્યા ના સુમારે સતીષભાઈ કેશાજી પરમાર નકલી ડ્રગ ઈન્સપેકટર બની ને તોડ કરવા આવ્યો હતો અને પોતે ડ્રગ ઈન્સપેકટર હોવાનુ જણાી દુકાનદાર ઉપર રોફ જમાવી તોડ કરવાની કોશીસ કરી હતી પરંતુ મેડીકલ માલીકે સમય સુચકતા વાપરી પોલીસ ને બોલાવી આ ઈસમ ની પુછપરછ કરતાં બનાવટી હોવાનુ માલુમ પડયુ હતુ જે અંગે બાયડ પી.એસ.આઈ સી.કે.બાબરીયા એ ગુનો નોધી આગળ ની તપાસ હાથ ધરી હતી. (તસવીર : સમીર બલોચ, બાયડ)

# રેલ્વેની યાત્રા મોંઘી થશે : હવે ભાડામાં વધારો કરવા તૈયારી

## રેલવેની નાણાંકીય સ્થિતિ હાલ સારી નહીં હોવાની રેલવે મંત્રાલયની દલીલ : વિકાસના ઘણા પ્રોજેક્ટો અટવાયા

નવી દિલ્હી, તા.૧૭

રેલવે યાત્રા વધુ મોંઘી થઈ શકે છે. મળેલી માહિતી મુજબ રેલવે યાત્રી ભાડામાં વધારો કરવાની તૈયારી સરકાર દ્વારા કરી લેવામાં આવી છે. આગામી વર્ષે ભાડામાં વધારો કરવામાં આવનાર છે.

રેલવે રાજ્ય પ્રધાન એસ એસ રેડ્ડીએ કહ્યું છે કે રેલવેની નાણાંકીય પરિસ્થિતિને પહોંચી વળવા માટે રેલવે યાત્રી ભાડામાં વધારો કરવો હવે જરૂરી બની ગયો છે. રેલવેની નાણાંકીય સ્થિતિ વધારે મજબૂત દેખાઈ રહી નથી. તેમને કહ્યું છે કે ટ્રેનના યાત્રી ભાડામાં વધારો કરવાની હવે તાકીદની જરૂર છે. વિકાસની પ્રવૃત્તિને હાથ ધરવા અને યાત્રીઓને વધુ સુવિધા આપવા માટે કિંમતોમાં વધારો કરવામાં આવે તે જરૂરી છે. ટ્રેનના યાત્રી ભાડામાં ઘણા સમયથી વધારો કરવામાં આવ્યો નથી. વિશાખાપટ્ટનમ-ચેન્નાઈ અને વિશાખાપટ્ટનમ-શિરડી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી આપ્યા બાદ એકત્રિત લોકોને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે યાત્રી ભાડામાં વધારો કરવાની હવે જરૂર ઊભી થઈ છે. રેડ્ડીએ એમ પણ કહ્યું હતું કે ભાડામાં વધારો કરવાની હિલચાલ ચાલી રહી છે.

મોડેથી રાજામુદ્રે ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા રેડ્ડીએ કહ્યું હતું કે આગામી રેલવે બજેટમાં રેલવે ભાડામાં વધારો કરવાની દરખાસ્ત તૈયાર કરી લેવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય ટ્રેનો વિશ્વમાં સૌથી સસ્તા પરિવહનના સાધન તરીકે છે. સાથે સાથે ટ્રેક ઉપર અકસ્માતોની સંખ્યા પણ ઘટી ગઈ છે. આંધ્રપ્રદેશમાં ૨૫,૦૦૦ કરોડની કિંમતના રેલવે પ્રોજેક્ટ હજુ પેન્ડીંગ પડેલા છે. તેમણે ઉમેર્યું હતું કે નાણાંકીય તકલીફ દૂર થયા બાદ આ પ્રોજેક્ટોને આગળ વધારવામાં આવશે.

## ગાંધીનગર શહેરમાં મતદાનની સાથે-સાથે

- સવારે ૮ વાગ્યાથી મતદારોની ભારે ભીડ જામી હતી.
- મતદાન બૂથ આગળ જડબેસલાક પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો.
- વહેલી સવારથી કેટલાક બૂથો પર મતદારયાદીમાં નામ ન હોવાથી મતદારોએ દોડાદોડ કરી મૂકી હતી.
- ભાડુઆતોએ પણ નવી મતદારયાદીમાં નામ નોંધાવ્યા છતાં પોતાના નામ ન આવતા મતદાન કરી શક્યા ન હતા.
- કેટલીક શાળાઓમાં રાજકીય પોસ્ટરો લાગેલા હતા તેના પર સફેદ કાગળ ચોંટાડી ઢાંકી દેવાયા હતા.
- પોલીસની પેટ્રોલીંગ ગાડી સતત ફરતી રહી હતી.
- પેટ્રોલીંગ દરમિયાન સે. ૨૫માં કોંગ્રેસ અને ભાજપના મતદાર યાદી લઈને બેઠેલા કાર્યકરો પાસેથી પક્ષના પોસ્ટરો, ખેસ, બેનર ઉતારી લીધા હતા.
- કેટલાક પક્ષના કાર્યકરોએ મતદાન બૂથમાં પોતાના માણસો પાસે ચા-કોફી, ચવાણુ પહોંચાડ્યું હતું.
- ઘરડા દાદા-દાદી પણ લાકડીના ટેકે મતદાન કરવા આવ્યા હતા.
- ભાજપના કાર્યકરોમાં અસંતોષ જણાતો હતો : ચવાણા સિવાયની લ્હાણી અધ્ધરતાલ !!!
- સેક્ટર-૧૬માં મતદારયાદીમાં ત્રણ છોકરાના નામ હતા પણ મા-બાપના નામ ન હતા.
- સેક્ટર-૪-બીમાં પ્લોટ નં. ૧૧૫૮/૧ ના મતદારના નામોની યાદી જ ન હતી.
- વિકલાંગ અને પોરાલિસીસ થયો હોય તેવા લોકોએ પણ મતદાન કરવાની ખુમારી દાખવી હતી.
- સે. ૧૬ના સૂરજબેન પટણી શ્વાસ ચડતો હોવા છતાં લારી પર બેસી મતદાન કરવા આવ્યા.
- ૯૬ વર્ષના હીરાબા દલાજી ઠાકોરે સે. ૧૫, ફતેપુરા ખાતે મતદાન કર્યુ હતું.
- રાજસ્થાનના દેવાગઢમાં નોકરી અર્થે જનાર ૪ વ્યક્તિઓ પણ આજે સે. ૧૫, ફતેપુરા ખાતે મતદાન માટે હાજર રહ્યા હતા.
- મફતલાલ ડાભી ચાલી શકતા ન હતા, લકવો થયો હોવાથી તેમને ઊંચા કરીને મતદાન સ્થળે લવાયા હતા અને મતદાન કર્યુ હતું.
- સે. ૧૭માં ૧૦૩ના મોદી ઝીણીબેને ચાલતા-ચાલતા આવી મતદાન કરવાની ફરજ અદા કરી હતી.
- ભાજપ અને કોંગ્રેસ તરફી કાર્યકરો રીક્ષાઓ ગાડીઓ ભરીને મતદારોને બૂથ પર લાવતા હતા.
- ચૂંટણીકાર્ડ કે આધાર કાર્ડ હોવા છતાં મતદાર યાદીમાં નામ ન હોય તેઓને મતદાન કરવા મળ્યું ન હતું.
- સેક્ટર-૨૫માં સાંજે ૪ વાગ્યા સુધીમાં ૮૦ ટકા મતદાન નોંધાયું હતું.
- સેક્ટર-૨૭ અને ૨૮માં સાંજે ૪ વાગ્યા સુધીમાં ૭૦ ટકા જેટલું મતદાન નોંધાયું હતું.
- સેક્ટર-૨૭માં બુથ નં. ૧૮૫માં ૪ વાગ્યા સુધીમાં માત્ર ૩૬.૬૫ ટકા જ મતદાન નોંધાયું હતું.
- આ વખતની ચૂંટણીમાં સૌથી વધુ વખણાઈ હતી ચૂંટણી પંચની મતદાર સ્લીપ આપવાની યોજના, જેને કારણે પણ મતદાનનો આંકડો વધ્યો હોવાનો ઘણાએ મત આપ્યો છે. આ અનુકૂળ વ્યવસ્થા માટે રાજ્ય ચૂંટણી અધિકારી અનિતા કરવલની પ્રશસ્તિ કરી પ્રતિ ઘણા મતદારોએ આભારની લાગણી પણ વ્યક્ત કરી હતી.
- સવારથી જ શહેરમાં શાંતિપૂર્વક મતદાન ચાલી રહ્યું હતું ને મતદારો પણ એકબીજાને સહકાર આપી રહ્યા હતા. પરંતુ જ્યારે જ્યારે કોઈ પોલીસ અધિકારી આવતા ત્યારે વાતાવરણ તંગ બની જતું હતું. પોતાના હાથ નીચેના માણસોને સતર્ક રાખવાના પ્રયાસમાં લોકોને બહાર તગેડવાના કે મત આપીને પોતાના સાથીની રાહ જોતા મતદારોને બહાર કાઢવામાં આ અધિકારીઓએ શૂરવીરતા બતાવી હતી, જેને કારણે શાંત વાતાવરણ ડહોળાતું હતું અને એને કારણે પોલીસ કર્મચારીઓ મતદારોના રોષનો ભોગ પણ બન્યા હતા.

# ગાંધીનગર સહિત ગુજરાતમાં ઠંડી ઘટી

અમદાવાદ, તા. ૧૭

ગાંધીનગર સહિત રાજ્યમાં આજે ઠંડીના પ્રમાણમાં ઘટાડો નોંધાયો હતો. રાજ્યમાં સૌથી વધુ ઠંડી વલસાડમાં ૧૪.૬ ડીગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૬ ડીગ્રીની આસપાસ નોંધાયાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૯.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧૭.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૫૪ ટકા નોંધાયું હતું.

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે. ડિસેમ્બરનો અડધો મહિનો પૂરો થવા છતાં હજુ સુધી કડકડતી ઠંડી પડી નથી. દિવસે ગરમી અને રાત્રે ઠંડીને કારણે બેવડી ઋતુનો અનુભવ નાગરીકો કરી રહ્યા છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન વલસાડમાં ૧૪.૬ ડીગ્રી, અમદાવાદ ૧૭.૧, ગાંધીનગર ૧૬.૮, મહુવા ૧૯.૯, નલીયા ૧૪.૮, ભુજ ૧૫, ડીસા ૧૬, દીવ ૧૭.૫, વલ્લભવિદ્યાનગર ૧૭, વડોદરા ૧૬.૩, સુરત ૧૯.૨, ભાવનગર ૧૭.૪ અને અમરેલી ૧૫.૩ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## પ્રમોશન ક્વોટા બિલ આખરે રાજ્યસભામાં પાસ

નવી દિલ્હી, તા.૧૭

રાજ્યસભામાં આજે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બઢતીમાં અનામત આપવા સાથે સંબંધિત બંધારણીય સુધારાબિલને પસાર કરી દેવામાં આવ્યું હતુ.

છેલ્લા બે દિવસથી જોરદાર ચર્ચા બાદ બંધારણીય સુધારા બિલ ૨૦૧૨ને પાસ કરી દેવામાં આવ્યું હતુ. ૨૦૬ સભ્યોએ સુધારા માટે મતદાન કર્યુ હતુ જ્યારે ૧૦ સભ્યોએ વિરુદ્ધમાં મતદાન કર્યુ હતુ. બહુજન સમાજ પાર્ટીની જોરદાર માંગણી બિલની તરફેણમાં હતી.

જ્યારે સમાજવાદી પાર્ટીએ બિલનો જોરદાર વિરોધ કર્યો હતો. અગાઉ દિવસમાં સમાજવાદી પાર્ટીએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. સુધારા બિલને લઈને સમાજવાદી પાર્ટી ઉપરાંત અન્ય પક્ષોએ પણ વિરોધ કર્યો હતો.

## શબ્દાવલી - ૪૯૨૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ■ |
| | ■ | ૫ | | ■ | ■ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | ૧૦ | | |
| | ■ | | ■ | ૧૧ | | | ■ |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | ■ | ■ | ૧૫ | ૧૬ |
| ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | ■ | |
| ૨૦ | | | | | ■ | ૨૧ | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. પવનપુત્રનો જન્મદિવસ(૭)
૫. પાકીટ, બટવો (૨)
૬. શાંતિ, શાતા (૨)
૮. 'ખપત' શબ્દ આડોઅવળો (૩)
૯. મુશ્કેલી, તકલીફ (૪)
૧૧. રસ્તો, કેડી (૩)
૧૨. ક્રિકેટમાં સામસામે દોડીને કરે તે (૨)
૧૪. જનની, માતા (૧)
૧૫. મારી, રાખ (૨)
૧૭. ફરિયાદ (૨)
૧૯. મીયાબીબી રાજી તો કયાં કરેગા... (૨)
૨૦. એક બાળરોગ, વરાધ(૫)
૨૧. કસરત (૨)
૨૨. એક ફૂલ (૩)
૨૩. જૂનું, રૂઢિચૂસ્ત (૪)

### ઊભી ચાવી

૧. આનંદ (૫)
૨. માપવાનું સાધન (૪)
૩. પરિચારીકા (૨)
૪. મોટી મોટી બડાઈ મારનાર (૫)
૭. ઢોરના પગનો પંજો (૨)
૯. હાડકાં, શરીર (૨)
૧૦. ડગલું, પગ (૨)
૧૩. મનુષ્યમાં અધમ (૪)
૧૬. ખતવવું તે, નોંધ કરવી(૪)
૧૮. બાષ્પ, સ્ટીમ (૩)
૧૯. કલેજી, કલેવર (૩)
૨૦. સાર, સત્ત્વ (૨)
૨૧. ... અરજી, દાવો કરવો(૨)

### શબ્દાવલી ૪૯૨૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) આરોગ્ય (૩) શહાદત (૭) શ્વાન (૯) કમળ (૧૦) સકસેકફૂલ (૧૩) ખાદી (૧૫) કુખ્યાત (૧૭) ભારતીય (૧૮) તરત (૨૦) મના (૨૧) તડબૂચ (૨૨) મરણ

**ઊભી ચાવી :-** (૧) આશ્વાસન (૨) રોનક (૪) હાકલ (૫) દમ (૬) તળપદી (૮) સૉસ (૧૧) સેના (૧૨) ફૂલેકું (૧૩) ખાતર (૧૪) મારવાડ (૧૬) ખ્યાતનામ (૧૯) તરણ

## વિક્રમી ૭૪ ટકા મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર જિલ્લાની કલોલ વિધાનસભા મતવિસ્તારમાં પણ વહેલી સવારથી જ મતદારોએ લાઈનો લગાવી દીધી હતી અને મતદાન સાંજે પૂર્ણ થયું ત્યારે સરેરાશ ૭૮ ટકા જેટલુ મતદાન થયાના અહેવાલો મળ્યા છે. કલોલ તાલુકાના નારદીપુર, પાનસર, કલોલની ઉમીયા સ્કુલ, વખારિયા હાઈસ્કૂલમાં મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી.

જિલ્લામાં લઘુમતિ કોમના મતદારોએ પણ હોંશભેર ભાગ લઈ અને મતદાન ભારે કર્યું હતું.

જિલ્લામાં આજે દિવસ દરમાયાન બોગસ મતદાનની ફરિયાદો પણ ઉઠી હતી. જો કે તપાસ દરમ્યાન તેમાં ક્યાંય તથ્ય જણાયુ નહિ હોવાનું જાણવા મળેલ છે.

આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થયું હતું. ૨૪૨ બુથોના મતદાનની સંપૂર્ણ પ્રક્રિયાની વિડીયોગ્રાફી થઈ હતી જ્યારે ૨૭ મતદાન મથકોની પ્રક્રિયાનું વેબકાસ્ટીંગ થયું હતું.

## સ્વયંભુ ઉમટી પડ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદાન દરમિયાન આજે સવારથી જ મતદાન મથકો પર મતદારો ઉમટી પડયા હતા. ગાંધીનગર જિલ્લાની રસાકસીભરી પાંચ બેઠકો માટે પણ આજે હાથ ધરાયેલ મતદાનની પ્રક્રિયા દરમિયાન વોટર્સમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરી વિસ્તાર સહિત ગામડાઓમાં પણ મતદાન માટે સવારથી જ કતાર લાગી હતી. ગાંધીનગર ઉત્તરની બેઠકમાં સમાવિષ્ટ ૧૩ ગામડાઓમાં પણ સવારથી જ મતદારો મતદાન માટે નીકળી પડયા હતા. શહેરી વિસ્તારના ૧૫૧ મતદાન મથકો તેમજ ગ્રામ્ય વિસ્તારના ૬૫ મતદાન મથકો તેમજ ગ્રામ્ય વિસ્તારના ૬૫ મતદાન કેન્દ્રો ખાતે પ્રારંભિક તબક્કેથી જ નાગરિકો મતાધિકારનો વિશેષ ઉપયોગ કરવાના મુડમાં જોવા મળ્યા હતા.

એક બાજુ શહેરના સેકટરોમાં સ્થિત મતદાન કેન્દ્રો પર મતદારોની ભીડ જોવા મળી હતી. બીજી તરફ ઉત્તર બેઠકમાં સમાવિષ્ટ વાવોલ, કોલવડા, ઉનાવા, ઈન્દ્રોડા અને બોરીજ સહિતના ગામોમાં મતદારો સ્વયંભુ રીતે મતદાન કરવા ઉત્સાહી જોવા મળ્યા હતા. સવારે આઠથી નવ કલાક દરમિયાન જિલ્લામાં સરેરાશ સાત ટકા મતદાન થયું હતું. વાવોલ ગામમાં પણ મતદાનને લઈ ચૂંટણીલક્ષી ઉત્તેજના જોવા મળી હતી. ગામની પંચાયત કચેરી અને શાળાના બિલ્ડીંગમાં ગ્રામજનો મતદાન કરવા ઉમટી પડયા હતા. જેમાં મહિલાઓની સંખ્યા પણ વિશેષ જોવા મળી હતી. ગામની પંચાયત કચેરી અને શાળાના બિલ્ડીંગોમાં ગ્રામજનો મતદાન કરવા ઉમટી પડયા હતા. જેમાં મહિલાઓની સંખ્યા પણ વિશેષ જોવા મળી હતી. કોઈક કિસ્સામાં વૃધ્ધ મહિલાઓ હાથમાં પરચી લઈ રિક્ષા મારફતે મતદાન કેન્દ્ર સુધી પહોંચી હતી. બોરીજમાં પણ મતાધિકારનો ઉપયોગ કરવા ગ્રામજનો કતારમાં ખડા થઈ ગયા હતા. ઈન્દ્રોડામાં પણ મતદાન પ્રક્રિયાના પ્રારંભથી જ ગ્રામજનોમાં મતદાન માટે ઉત્સાહનું મોજું છવાયેલું જોવા મળ્યું હતું. ગામના સિનિયર સિટીઝનના મત મુજબ આટલા સમયમાં સવારથી જ મતદાન મથકો પર આ વખતે વધુ ભીડ જામી હોવાનું ધ્યાને આવ્યું છે. અલબત્ત ગ્રામજનો સ્વયંભુ રીતે એક જુસ્સા સાથે મતદાન કરવા નીકળી પડયા હોવાનું પણ સ્પષ્ટ થયું હતું. ગ્રામ્ય કક્ષાએ ઘરેલું કામમાં વ્યસ્ત મોટાભાગની મહિલાઓએ પણ સવારે જ મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્વક પૂર્ણ થઈ હતી. શહેરની સાથે ગામડાઓમાં પણ મતદાન માટે જાગૃતિ કેળવાઈ હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું હતું. રસાકસીભર્યા ચુંટણી જંગને લઈ પોતાના પ્રતિનિધિને ચુંટવા ગ્રામજનોએ બટન દબાવી દીધું છે ત્યારે ઉત્તરની બેઠક માટે નિર્ણાયક પુરવાર થનારા ગ્રામજનોના મત કોનું પલ્લુ ભારે કરશે તે રહસ્ય હજુ અકબંધ છે.

## વિક્રમી ૭૪ ટકા મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર જિલ્લાની કલોલ વિધાનસભા મતવિસ્તારમાં પણ વહેલી સવારથી જ મતદારોએ લાઈનો લગાવી દીધી હતી અને મતદાન સાંજે પૂર્ણ થયું ત્યારે સરેરાશ ૭૮ ટકા જેટલુ મતદાન થયાના અહેવાલો મળ્યા છે. કલોલ તાલુકાના નારદીપુર, પાનસર, કલોલની ઉમીયા સ્કુલ, વખારિયા હાઈસ્કૂલમાં મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી.

જિલ્લામાં લઘુમતિ કોમના મતદારોએ પણ હોંશભેર ભાગ લઈ અને મતદાન ભારે કર્યું હતું.

જિલ્લામાં આજે દિવસ દરમાયાન બોગસ મતદાનની ફરિયાદો પણ ઉઠી હતી. જો કે તપાસ દરમ્યાન તેમાં ક્યાંય તથ્ય જણાયુ નહિ હોવાનું જાણવા મળેલ છે.

આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થયું હતું. ૨૪૨ બુથોના મતદાનની સંપૂર્ણ પ્રક્રિયાની વિડીયોગ્રાફી થઈ હતી જ્યારે ૨૭ મતદાન મથકોની પ્રક્રિયાનું વેબકાસ્ટીંગ થયું હતું.

### કંપની સમાચાર

## પાવર ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ (પીએફસી) રૂા. ૪૫૯૦ કરોડ સુધીના કરમુક્ત બોન્ડ્સનું જાહેર ભરણું ઇશ્યુ ૧૪ ડિસેમ્બર, ૨૦૧૨ ના ખૂલશે

પાવર ફાઈનાન્સ લિમિટેડ (પીએફસી) (કંપની કે જારીકર્તા) રૂા. ૪૫૯૦ કરોડની શેલ્ફ લિમિટેડ સુધી ઓવર સબ્સ્ક્રિપ્શન જાળવવાના વિકલ્પ સાથે કુલ રૂા. ૧૦૦૦ ભેગા કરવા, સુધારિત (બોન્ડ્સ) મુજબ આવકવેરા ધારા ૧૯૬૧ ની કલમ ૧૦(૧૫) (૪) (એચ) હેઠળ કરલાભો ધરાવતાં સંરક્ષિત, રિડીમેબલ, નોન - કન્વર્ટિબલ ડિબેન્ચર્સના પ્રકારમાં પ્રત્યેક રૂા. ૧૦૦૦ના ફેસ વેલ્યુના કરમુક્ત બોન્ડ્સના તેનો ટ્રાન્ચ-૧ પબ્લિક ઈશ્યુ રજૂ કરી રહી છે.

બોન્ડ્સ માટે ફેસ વેલ્યુઅને ઈશ્યુ ભાવ બોન્ડ દીઠ રૂા. ૧૦૦૦ રહેશે. લઘુત્તમ અરજી બોન્ડ્સની સર્વ શ્રેણીમાં પાંચ (૫) બોન્ડ રહેશે અને ત્યાર બાદ એક (૧) બોન્ડના ગુણાંકમાં રહેશે. ઈશ્યુ ૧૪ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ ખૂલશે અને ૨૧ ડિસેમ્બર, ૨૦૧૨૧ના રોજ બંધ થશે.

આમાં બે બોન્ડ શ્રેણી છે, એટલે કે, શ્રેણી ૧ ફાળવણીની ડીમ્ડ તારીખથી દસ (૧૦) વર્ષ પછી રિડીમેબલ છે અને શ્રેણી-૨ પંદર (૧૫) વર્ષ પછી રિડીમેબલ છે. બોન્ડ્સમાં રિટેઈલ રોકાણકારો (બંને બોન્ડ શ્રેણીમાં રૂા. ૧૦.૦૦ લાખ સુધી અને સહિત રોકાણ કરતા વ્યક્તિગત અને એચયુએફ) માટે ૧૦ વર્ષના બોન્ડ માટે વાર્ષિક ૭.૬૯ ટકા અને ૧૫ વર્ષના બોન્ડ માટે વાર્ષિક ૭.૩૬ ટકા. રિટેઈલ હિસ્સાનું વેચાણ/રાખેલા બોન્ડ્સના ટ્રાન્સફર (મૂળ એલોટીનાં મૃત્યુના સંજોગોમાં કાનૂની વારસદારને બોન્ડ્સના ટ્રાન્સફરના કિસ્સા સિવાય) હેઠળ મૂળ એલોટીના કિસ્સામાં કૂપન દર ૫૦ બેસિસ પોઈન્ટ્સથી મટાડાશે અને તે રોકાણકારોની સર્વ અન્ય શ્રેણીઓ માટે લાગુ કુપન દરની સમકક્ષ રહેશે. બોન્ડ્સ બીએસઈ પર લિસ્ટેડ થવાનું પ્રસ્તાવિત છે, જે ઈશ્યુ માટે શેરબજાર દ્વારા પણ નિયુક્ત કરાશે.

બોન્ડ ઈશ્યુની લીડ મેનેજર આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ લિમિટેડ, એ.કે. કેપિટલ સર્વિસીસ લિમિટેડ, ઈનામ સિક્યુરિટીઝ પ્રાઈવેટ લિમિટેડ, કોટક મહિંદ્રા કેપિટલ કંપની લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ હશે. બોન્ડ ધારકો માટે ડિબેન્ચર ટ્રસ્ટી આઈએચ એન્ડ એફએસ ટ્રસ્ટ કંપની લિમિટેડ રહેશે.

## ઇંટ ઉત્પાદકોએ મીનીસ્ટ્રી ઑફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટનું એન્વાયરમેન્ટ કલીયરન્સ મેળવવું ફરજિયાત

ગુજરાત બ્રિક્સ મેન્યુ. ફેડચરર્સ દ્વારા રાજયનાં ઈંટ ઉત્પાદકોનાં પ્રાણ પ્રશ્નો અંગે તા. ૨૫ ઑકટો. ૨૦૧૨ ના રોજ પ્રેક્ષા ભારતી, કોબા ખાતે યોજાયેલ, મહાસંમેલનમાં કેન્દ્ર સરકારમાંથી એન્વાયરમેન્ટ ક્લીયરન્સ (EC) મેળવવા અંગે, જુની તથા નવી શરતની જમીનમાં એન.એ. પરમીશન મેળવવા બાબતે તથા રોયલ્ટી અંગે રજીસ્ટેશન તથા ૧૦ કિ.મી. દૂરથી માટી વહન કરવા બાબતે ગ્રહન ચર્ચાને અંતે ઑલ ઈન્ડિયા બ્રિક્સ એન્ડ ટાઈલ્સ મેન્યુફેકચરર્સ ફેડરેશન જે આદેશ આપે તેને અનુમોદન આપવું તેનો ઠરાવ પસાર કરવામાં આવેલ.

દેશમાં તમામ ઈંટ ઉત્પાદકોએ (M.O.E.F) (મીનીસ્ટ્રી ઑફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ) ગરર્મેન્ટ ઑફ ઈન્ડિયામાંથી એન્વાયરમેન્ટ કલીયરન્સ (EC) મેળવવું ફરજિયાત બનાવ્યું છે.

ઉપરોક્ત વિષયમાં તા. ૨૭-૦૨-૨૦૧૨ નાં સુપ્રીમ કોર્ડમાં ઑર્ડરમાં જણાવ્યા મુજબ માઈનર મીનરલ (જેમાં ઈંટ માટીનો સમાવેશ થાય છે) ની પાંચ હેકટરથી ઓછા એરિયાના લીઝ જેતે રાજય સરકારનાં માઈનીંગ વિભાગ દ્વારા મંજુબ કરતા પહેલાં લીઝ લેવા તથા માઈનીંગ કરવા ઈચ્છા ધરાવનારે સેન્ટ્રલ ગવર્મેન્ટનાં M.O.E.F. માંથી EC (એન્વાયરમેન્ટ કલીયરન્સ) મેળવવું ફરજિયાત બનાવેલ છે. જેથી હવે દરેક ઈંટ ઉત્પાદકે પણ ઈંટો બનાવવા માટે લીઝ કે પરમીટ મેળવવી હોય તો ગરર્મેન્ટ ઑફ ઈન્ડિયામાંથી ફરજીયાત પણે પરમીશન મેળવવાની રહેશે. જે દરેક ઈંટ ઉત્પાદક માટે આ પ્રોસીઝર ખુબ જ અઘરી અને અશક્ય બની છે.

સમગ્ર દેશમાંથી કુલ ૧,૪૦,૦૦૦ ઈંટ ઉત્પાદક યુનીટ્સ બંધ થવાની શક્યતા છે. તથા તેમાં રોકાયેલ ૯,૦૦,૦૦,૦૦૦ (નવ કરોડ) જેટલા અશિક્ષિત મજુરો પણ બેકાર થવાની નોંબત આવેલ છે. પંજાબ, હરિયાણા, યુ.પી. તથા તામિલનાડુ રાજયમાં સદંત્તર ઉત્પાદન બંધ છે. તેમ છતાંય હજુ સુધી કેન્દ્ર સરકારની આંખ ઉઘડતી નથી તથા કોઈ નીરાકરણ આવેલ નથી.